## નયારા એનર્જીએ ભારતમાં ૬૦૦૦ પેટ્રોલપંપનું સીમાચિહ્ન હાંસિલ કર્યુ

## નયારા એનર્જીના ઈંધણ રિટેલ બિઝનેસએ નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦ના આધારે ૧૮ ટકા વાર્ષિક વૃધ્ધિ નોંધાવી

**મુંબઈ, તા. ૦૫ ફેબ્રુઆરી, ૨૦૨૧ :** આંતરરાષ્ટ્રીય સ્તરની નવા યુગની ડાઉનસ્ટ્રીમ ઊર્જા કંપની નયારા એનર્જીએ આજે દેશભરમાં ૬,૦૦૦ પેટ્રોલપંપના મહત્વપૂર્ણ લક્ષ્યાંકને પાર કર્યાની ઘોષણા કરી છે. છેલ્લા પાંચ વર્ષોમાં તેના પેટ્રોલપંપની સંખ્યામાં ત્રણ ગણો વધારો થયો છે. ગયા નાણાકીય વર્ષમાં કંપનીએ ૬૦૦ પેટ્રોલપંપ ઉર્મેયા હતા. ઓકટોબર ૨૦૨૦થી નયારા એનર્જીએ નયારા બ્રાન્ડ સાથે નવા પેટ્રોલપંપ શરૂ કર્યા છે અને તેને દેશભરમાં ૨૦૦થી વધુ નવા નયારા બ્રાન્ડવાળા પેટ્રોલપંપનું અનાવરણ કર્યુ છે.

આ પ્રસંગે નયારા એનર્જીના સીઈઓ બી. આનંદે જણાવ્યું હતું કે "નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦૨૦માં રિટેલ બિઝનેસમાં વાર્ષિક ધોરણે ૧૮ ટકા વૃધ્ધિ થઈ છે. નયારા એનર્જીનું લક્ષ્ય રિટેલ નેટવર્કની વૃધ્ધિની જાળવણી અને ભારતની મહત્વાકાંક્ષી વસતિની વધતી ઊર્જા માંગને સુરક્ષિત રાખવા માટે વર્ષ ૨૦૨૪ના અંત સુધીમાં ૭,૬૦૦ સુધી પેટ્રોલપંપનું વિસ્તરણ કરવાનું છે. અમે ૨૦૨૧ના પહેલા છ મહિનામાં પૂર્વ કોવિડ સ્તર પર પરત ફરી ગેસોલીન અને ગેસોઈલની સ્થાનિક માંગની અપેક્ષા રાખીશું."

"છેલ્લા કેટલાક વર્ષોમાં ઝડપી રિટેલ વૃધ્ધિ એ નયારા એનર્જીએ દેશની લંબાઈ અને પહોળાઈમાં માઈલથી માઈલ મેળવેલા વિશ્વાસની સાક્ષી છે. ઝડપી વિકસિત પાન–ઈન્ડિયા ખાનગી રિટેલ પેટ્રોલપંપ તરીકે અમે ગતિશીલતા અને સગવડતાની વધતી જરૂરીયાતોને પહોંચી વળવા અને અમારા ગ્રાહકોનો અનુભવ વધારવા માટે પ્રતિબધ્ધ છીએ," નયારા એનર્જીના ચીફ માર્કેટિંગ ઓફિસર સ્ટીફન બાયલરએ ઉમેર્યુ.

નયારા એનર્જી એસેટ–લાઈટનું સંચાલન કરે છે, ડીલરની માલિકીના ડીલર સંચાલિત મોડલ ચલાવે છે, જે રિટેલ નેટવર્કનું ઝડપી વિસ્તરણ દેશભરમાં ઉંડે સુધી પ્રવેશી શકે છે. નયારા એનર્જી દેશના ઊર્જા માળખાને મજબૂત બનાવવા અને ઈંધણની ઉપલબ્ધતાની સુવિધા વધારવા માટે કટિબધ્ધ છે.

નયારા એનર્જીના પેટ્રોલપંપ ગ્રાહક કેન્દ્રિત સેવાઓ અને કિવક લ્યુબ ચેન્જ સર્વિસ, નાઈટ્રોજન ભરવાની સુવિધા, આરોગ્યપ્રદ રેસ્ટરૂમ્સ, ગુણવતાયુકત–ખાતરીપૂર્વક પીવાનું પાણી, ડિજિટલ ચૂકવણીના વિકલ્પો અને વિવિધ વિશેષ ગ્રાહક સેવા કેન્દ્રો સહિતની સુવિધાઓથી સજજ કરવામાં આવી રહયા છે. તેના ફલીટ ગ્રાહકો માટે, કંપની ફલીટ પ્લસ પ્રદાન કરે છે જે ભારતનો પહેલો ડિજિટલ વફાદારી કાર્યક્રમ છે.

***

**નયારા એનર્જી વિશે :**

નયારા એનર્જી એ આંતરરાષ્ટ્રીય સ્તરની એક નવા યુગની ડાઉનસ્ટ્રીમ કંપની છે જે રિફાઈનીંગથી લઈ રિટેઈલ સુધીની હાઈડ્રોકાર્બન વેલ્યુ ચેઈનમાં મજબૂત હાજરી ધરાવે છે. ઓગસ્ટ ૨૦૧૭માં આ ભારતીય કંપની રોઝનેફ્ટ ઓઈલ કંપની સહિતના આંતરરાષ્ટ્રીય રોકાણકારો દ્વારા હસ્તગત કરવામાં આવી હતી અને વૈશ્વિક કોમોડિટી ટ્રેડીંગ કંપની ટ્રાફીગુરા અને યુસીપી ઈન્વેસ્ટમેન્ટ ગ્રુપે સમાવેશ કરેલું રોકાણ કન્સોર્ટિયમ હતું. કંપની હાલમાં ગુજરાતના વાડીનારમાં વાર્ષિક ૨૦ મિલિયન મે. ટનની ક્ષમતા સાથે ભારતની બીજી સૌથી મોટી સિંગલ–સાઈટ રિફાઈનરી ધરાવે છે અને સંચાલન કરે છે. રિફાઈનરી એ વિશ્વની સૌથી આધુનિક રિફાઈનરીઓમાંની એક છે, જેમાં ૧૧.૮ની ઉચ્ચ નેલ્સન જટિલતા અનુક્રમણિકા છે અને તે બંદર માળખું અને કેપ્ટિવ પાવર પ્લાન્ટ દ્વારા પૂરક છે. નયારા એનર્જી વિશેની વધુ માહિતી www.nayaraenergy.com ઉપર ઉપલબ્ધ છે.

મિડીયા સંપર્કઃ પ્રફુલ્લ ટંકારિયા, 7574817106, prafull.tankaria@nayaraenergy.com